અપીલ અરજી નં.૧૫૪ તા.૫–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળાઃ–શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૯–૩–૧૦ની અરજીથી (૧) આ સાથે જોડેલા આસી.કમિશ્નરશ્રી ગામિત સાહેબના તપાસ અહેવાલ પછી કસુરવાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ? કસુરવાર સામે કયા પગલા ભરવામાં આવ્યા તેની વિગત. (૨) જે તે સમયના અધ્યક્ષશ્રી હિતેન્દ્ર ચૂડાવાળા, ઉપાધ્યક્ષ કિશોર ચલિયાવાલા તથા ન.પ્રા.શિ.સ.ના અધિકારી કર્મચારીગણ સામે ૧૯૯૮–૯૯ ના ગણવેશ કૌભાંડ બાબતે કાનુની પગલા કે ખાતાકીય પગલા ભરવામા આવ્યા હોય તેની વિગત. વિ. મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૫–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૫૪/૨૦૧૦–૧૧

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૯–૩–૧૦ની અરજીથી (૧) આ સાથે જોડેલા આસી.કમિશ્નરશ્રી ગામિત સાહેબના તપાસ અહેવાલ પછી કસુરવાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ? કસુરવાર સામે કયા પગલા ભરવામાં આવ્યા તેની વિગત. (૨) જે તે સમયના અધ્યક્ષશ્રી હિતેન્દ્ર ચૂડાવાળા, ઉપાધ્યક્ષ કિશોર ચલિયાવાલા તથા ન.પ્રા.શિ.સ.ના અધિકારી કર્મચારી ગણ સામે ૧૯૯૮–૯૯ ના ગણવેશ કૌભાંડ બાબતે કાનુની પગલા કે ખાતાકીય પગલા ભરવામા આવ્યા હોય તેની વિગત. વિ. મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૮–૧૦ ના રોજ ત્રણ માસના વિલંબથી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૯૫ તા.૧૨–૮–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) તથા અરજદારને અપીલ અરજીમાં "આ સાથે મળેલ તપાસ અહેવાલ" જણાવેલ છે. પરંતુ અરજી સાથે જોડાણ કરેલ નથી કે સંદર્ભ જણાવેલ નથી તે અંગે પુર્તતા કરવા તથા આશરે ત્રણ માસના વિલંબથી અપીલ અરજી કરેલ જે અંગે કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૭–૮–૧૦ ના પત્રથી માહિતી આયોગને કરેલી રજૂઆત અંગેનો પત્ર મળેલ છે.

અરજદારની તા.૯–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને આઈ ડી નં.૭૧૨ તા.૯–૩–૧૦ થી અરજી કરવામાં આવેલ. જે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ તરફથી પત્ર નં.વીઆઈડી/આ.નં.૧૭૬૮ તા.૧૬–૩–૧૦ થી જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પઅનેઈ) ને તબદીલ કરવામાં આવેલ. જે ડે.કમિશ્નર(પઅનેઈ) તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૬૫ તા.૧૬–૩–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ) ને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ આ સાથે જોડેલા આસી.કમિશ્નરશ્રી ગામિત સાહેબના તપાસ અહેવાલ પછી કસુરવાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ? કસુરવાર સામે કયા પગલા ભરવામાં આવ્યા તેની વિગત. મુદ્દા નં.(૨) જે તે સમયના અધ્યક્ષશ્રી હિતેન્દ્ર ચૂડાવાળા, ઉપાધ્યક્ષ કિશોર ચલિયાવાલા તથા ન.પ્રા.શિ.સ.ના અધિકારી કર્મચારી ગણ સામે ૧૯૯૮–૯૯ ના ગણવેશ કૌભાંડ બાબતે કાનુની પગલા કે ખાતાકીય પગલા ભરવામા આવ્યા હોય તેની વિગત. મુદ્દા નં.(૩ સને ૧૯૯૯–૨૦૦૦ ના ગણવેશ કૌભાંડની તપાસ કરવામાં આવી છે કે કેમ? મુદ્દા નં. (૪) સને ૧૯૯૯–૨૦૦૦ ના ગણવેશ સિલાઈની રકમ નિયામકને પરત કરવામાં આવી અને ફરી પાછી શિક્ષણ સમિતિને પરત કરાઈ તે રકમ વિદ્યાર્થીઓને વહેંચવામાં આવી છે કે કેમ? એ રકમ કોના ખાતામાં કે કઈ વ્યકિતને આપવામાં આવી છે તેની માહિતી. મુદ્દા નં.(૫) સીવીલ હોસ્પિટલના રૂા. ૨ થી અઢી લાખની બોગસ રસીદ કૌભાંડમાં જયોતિષ ચૌધરી જેવા સામે પોલીસ કાર્યવાહી થઈ તો સને ૧૯૯૮–૯૯ અને ૧૯૯૯–૨૦૦૦ ના ગણવેશ સિલાઈ કૌભાંડ કરનારા સામે તપાસ અહેવાલ બાદ પણ કોઈ પોલીસ કાર્યવાહી કયા નિયમ હેઠળ કરવામાં આવી નથી તે પીબીએમસી એકટના નિયમની કોપી. મુદ્દા નં.(૬) આ સાથે જોડેલ પત્રકમાં પાના નં.૭૪ ,૮૪,૮૬,૯૦,૯૩,૯૬,૯૮,૧૦૦,૧૦૯ વર્ષ ૧૯૯૯–૨૦૦૦ના વર્ષની પહોંચ છે. વર્ષ ૧૯૯૯–૨૦૦૦ ગણવેશ સિલાઈના નાણા શિક્ષણ સમિતિ ધ્વારા કોને ચૂકવાયા છે? મુદ્દા નં.૭ પાના નં.૧૭૭ માં વી વી. હળપતિની સહી છે પાના નં.૧૭૮ ની પહોંચમાં વી વી. હળપતિ છે નામ વિજયાબેન ભાણાભાઈ હળપતિ છે આ ખોટી સહી કરનાર સામે સુમનપા ધ્વારા પોલીસ ફરીયાદ આપવામાં આવી છે કેમ? મુદ્દા નં.(૮) ગણવેશ કૌભાંડમાં ચેક ઉપર સહી કરનારા અધ્યક્ષ, ઉપાધ્યક્ષ જવાબદાર છે કે કેમ? વીકી બ્રધર્સના પરેશ ચલોડીયા ગણવેશ કૌંભાડમાં જવાબદાર છે કેમ? મુદ્દા નં.(૯) ગણવેશ કૌંભાડના ૧૦ વર્ષ પછી કૌંભાડીઓને શિક્ષા કરવા અને તપાસ પૂર્ણ કરવા વિલંબ થઈ રહયો છે કે કેમ? આમ મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી બાબતે ગણવેશ કૌંભાડની તપાસ અધિકારીના રીપોર્ટમાં ગુનેગાર સામેના પગલા તથા અન્ય માહિતી આપી નથી તથા માહિતી મળેલ નથી તેવું જણાવી લગભગ ત્રણ માસના વિલંબથી તા.૫–૮–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને અત્રેથી આરટીઆઈ સેલ/૫૯૫ તા.૧૨–૮–૧૦ થી અપીલના વિલંબ

અંગે કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૧૭–૮–૧૦ ના રોજ પત્ર પાઠવી આરટીઆઈ એકટ વિરુધ્ધ વાંધાઓ કાઢી અપીલ અરજી દફતરે કરવના પ્રયત્નો થઈ રહયા છે તેવા આક્ષેપ કરવામાં આવેલ છે. પરંતુ તે અંગે કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી. વધુમાં અરજદારે માહિતી માંગ્યા પછી માહિતી અધિકારી પાસે માહિતી માંગવા છતાં માહિતી ન આપતા અને અંશતઃ કે અધૂરી માહિતી આપ્યા પછી બીજી માહિતી ન આપતા અપીલ કરવામાં આવેલ છે. જયારે માહિતી આપવામાં જ વિલંબ થતો હોય કે માહિતી અધૂરી આપ્યા પછી માહિતી અધિકારી ધ્વારા બહાના બતાવવામાં આવતા હોય ત્યારે અપીલ કરવામાં મુદતનો બાધ આવી શકે ખરો? અપીલ અરજીમાં માહિતી મળી જ નથી એમ સ્પષ્ટ કરવા છતાં સુરત મહાનગરપાલિકા આરટીઆઈ સેલ ધ્વારા કલમ–૧૯(૧) હેઠળ વિલંબ અપીલ અરજીનું કારણ રજૂ કરવા જણાવવામાં આવે છે. તેવી રજૂઆત કરવામાં આવેલ છે. જે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૩ તા.૨૬–૮–૧૦ થી અલગ પત્ર પાઠવીને કલમ–૧૯(૧) અને નિયમ–૬ મુજબની જોગવાઈઓ જણાવવામાં આવી છે. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિ બાદની પ્રથમ અપીલના કિસ્સામાં અરજદારના પૂરતા કારણ હેઠળ સમય મર્યાદામાં અપીલ કરી શકયા નથી. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે અને તે ધ્યાને રાખી વિલંબિત અપીલ ગ્રાહય રાખવા યોગ્ય તે નિર્ણય લેવાનું પ્રથમ અપીલ અધિકારીની વિવેક બુધ્ધિને આધિન રહે છે. આ કાયદાકીય જોગવાઈના સંદર્ભે જ અરજદાર પાસેથી જ વિગતો માંગેલ છે. તેમ છતાં અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ વિગતો અત્રે મળેલ નથી. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ મુજબ વિલંબિત અપીલ અરજી પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી તેમ છતાં કાયદાકીય હાર્દ અને ભાવનાને ધ્યાનમાં રાખી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગવામાં આવેલી માહિતી પૂરી પડાયેલ હોય તેવી કોઈ વિગતો અપીલ તબકકે રજૂ કરેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૯–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડેલ જણાતી ન હોઈ અરજદારની વાજબીપણા વિનાની વિલંબિત અપીલ અરજી ધ્યાને રાખી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ નિયત દસ્તાવેજ ફી વસુલ લઈ અરજદારને તેમની મુળ અરજીથી માંગેલ માહિતી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા કાર્યવાહી હાથ ધરવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધકારી(ઉધનાઝોન) .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી